પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૨૩ | ૧૩ જુલાઈ, ૨૦૧૯, શનિવાર; અષાઢ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ચીન દ્વારા લદાખ સરહદે ઘુસણખોરી

**ચીનનું ફરીવાર ઉશ્કેરણીજનક કૃત્ય : લડાખમાં પૂર્વીય ડેમચોક વિસ્તારમાં ૬ કિમી અંદર સુધી ઘુસણખોરી : ચીનના સૈનિકો સૈન્ય વાહનોમાં ભરીને ભારતીય ક્ષેત્રમાં પહોંચ્યા બાદ ધ્વજ લહેરાવી દીધો : ચીની સૈનિકોના કૃત્યથી ભારતની ચિંતામાં ફરી વખત વધારો**



નવીદિલ્હી, તા. ૧૨

ડોકલામ ગતિરોધના બે વર્ષ બાદ ચીનની સેનાએ ફરી એકવાર ભારતીય ક્ષેત્રમાં ઘુસણખોરીને ઉશ્કેરણીજનક કૃત્ય કર્યું છે. ચીનની પીપલ્સ લિબ્રેશન આર્મીએ થોડાક દિવસ પહેલા જ જમ્મુ કાશ્મીરના લડાખમાં પૂર્વીય ડેમચોક વિસ્તારમાં છ કિલોમીટર અંદર સુધી ઘુસણખોરીને કરીને પોતાનો ધ્વજ લહેરાવ્યો હતો. ચીનની સેનાએ એવા સમયમાં ઘુસણખોરી કરી છે જ્યારે સ્થાનિક નિવાસી તિબેટના ધર્મગુરુ દલાઈ લામાનો જન્મદિવસ મનાવી રહ્યા છે. ડેમચોકના સરપંચે ચીનની ઘુસણખોરીને લઈને અહેવાલને સમર્થન આપ્યું છે. આ સૈનિકો સૈન્ય વાહનોમાં ભરીને ભારતીય સીમામાં આવ્યા હતા અને ચીની ધ્વજ લહેરાવ્યો હતો.

ડેમચોકના સરપંચ ઉર્ગેને કહ્યું છે કે, ચીનના જવાનો ભારતીય સરહદમાં આવ્યા હતા. ચીની સૈનિકોની આ ઘુસણખોરી પાછળ હેતુ અમને દેખાઈ રહ્યા છે. સરપંચે કહ્યું હતું કે, ચીનના સૈનિક એવા સમયમાં ભારતમાં ઘુસણખોરી કરીને આવ્યા છે જ્યારે સ્થાનિક લોકો દલાઈ લામાના જન્મદિવસની ઉજવણી કરી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે, ચીની સૈનિકોની ઘુસણખોરી ચિંતાનો વિષય છે. ચીન આ પ્રકારનીગતિવિધિને અંજામ આપીને ભારત ઉપર દબાણ લાવવા માટે ઈચ્છા ધરાવે છે. જો કોઈ વાતચીત થાય તો તેના ઉપર ક્ષેત્રને લઈને દબાણ લાવવામાં આવી શકે છે. ચીન કહી શકે છે કે, ત્યાં ચીનનો ધ્વજ છે અને ત્યાં તેમના ટેન્ટ લાગેલા છે. આવી સ્થિતિમાં તેમના દાવા મજબૂત રહી શકે છે. અલબત્ત ચીને પ્રથમ


● અનુસંધાન પાન-૭ પર

## ભાજપનું વધતુ કદ લોકતંત્ર માટે ખતરો : સુબ્રમણ્યમ્ સ્વામી

**ગોવા-કર્ણાટકની સ્થિતિ જોતાં મને લાગે છે કે જો અમે એક જ પાર્ટીના રૂપમાં ભાજપની સાથે રહી ગયા તો દેશનું લોકતંત્ર નબળું થઈ જશે : સ્વામી**

ન્યુ દિલ્હી,તા.૧૨

ભાજપના સિનિયર નેતા સુબ્રમણ્યમ સ્વામીએ પાર્ટીના વધતા જનાધારને લોકતંત્ર માટે ખતરો કરાર કર્યો છે. તેઓએ ભાજપના વધતા કદને લઈને કોંગ્રેસ, ટીએમસી અને એનસીપીને ચેતવ્યા છે. પોતાની જ પાર્ટી પર સવાલ કરતાં તેઓએ ટ્વિટ પર લખ્યું કે, ગોવા અને કર્ણાટકને જોયા બાદ મને લાગે છે કે જો અમે એક જ પાર્ટીના રૂપમાં ભાજપની સાથે રહી ગયા તો દેશનું લોકતંત્ર નબળું થઈ જશે.



સુબ્રમણયમ સ્વામીએ પોતાના ટ્વિટ દ્વારા, કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ને સલાહ આપતાં કહ્યું કે, વિપક્ષ, ઈટાલિયન્સ અને સંતાનને પાર્ટીથી હટાવવા માટે કહો. મમતા ત્યારબાદ એકજૂથ કોંગ્રેસની અધ્યક્ષ બને. એનસીપીનો પણ કોંગ્રેસમાં વિલય કરવો જોઈએ.

સુબ્રમણયમ સ્વામીનું નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે કર્ણાટકમાં કુમારસ્વામીની જેડીએસ અને કોંગ્રેસ ગઠબંધન પર ખતરો ઊભો થયો છે અને ભાજપ કર્ણાટકમાં સરકાર બનાવવાનો પ્રસ્તાવ રજૂ કરવાની તૈયારીમાં છે.

# કુમારસ્વામી વિશ્વાસમત મેળવવા તૈયાર

**વિધાનસભા અધ્યક્ષ પાસેથી સમય માંગતા આશ્ચર્ય : શાસક ગઠબંધનના કુલ ૧૬ ધારાસભ્યોના રાજીનામાથી સરકાર સામે ગંભીર સંકટ**



બેંગ્લોર, તા. ૧૨

કર્ણાટકમાં કટોકટી પ્રવર્તી રહી છે ત્યારે મુખ્યમંત્રી એચડી કુમારસ્વામીએ આજે જાહેરાત કરી હતી કે, તેઓ વિશ્વાસમત મેળવવા માટે ઈચ્છુક છે. કુમારસ્વામીએ વિધાનસભા અધ્યક્ષ કેઆર રમેશકુમાર પાસેથી સમયની માંગ કરી છે. રાજ્ય વિધાનસભામાં કુમારસ્વામીએ આજે આ અંગેની જાહેરાત કરી હતી. સરકાર પતનના આરે પહોંચી છે ત્યારે આ અંગેની જાહેરાત કરીને કુમારસ્વામીએ તમામને ચોંકાવી દીધા છે. રાજ્ય વિધાનસભાનું સત્ર ૧૧ દિવસનું શરૂ થઈ ચુક્યું છે. ૧૬ ધારાસભ્યોના રાજીનામા બાદ કર્ણાટકમાં કુમારસ્વામીના નેતૃત્વમાં કોંગ્રેસ અને જેડીએસ ગઠબંધન સરકાર પતનના આરે પહોંચી છે. સરકાર બચી શકશે કે કેમ તેને લઈને કોઈપણ રાજકીય

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### તૃણમૂલ કોંગ્રેસના નેતાની હત્યા

પશ્ચિમ બંગાળમાં રાજકીય હત્યાઓનો સીલસીલો જારી છે. મુર્શિદાબાદ જિલ્લામાં તૃણમૂલ કોંગ્રેસના નેતા સૈફુલ હસનની ગોળી મારી હત્યા કરી દેવાઈ છે. તેઓ પોતાની મોટરસાઈકલ પર જઈ રહ્યા હતા ત્યારે કેટલાક અજ્ઞાત લોકોએ આ ઘટનાને અંજામ આપ્યો હતો.

### આસારામને જામીન નહી

રેપના આરોપમાં જેલમાં બંધ આસારામને સુપ્રિમ કોર્ટે ઝાટકો આપ્યો છે. સર્વોચ્ચ અદાલતે આસારામની જામીન અરજી પર સુનવણી કરી હતી અને તને ફગાવી દીધી હતી. પત્નિની ગંભીર બીમારીના કારણોસર આસારામે જામીનની માંગણી કરી હતી.

### અમર્ત્યસેનના નામે પોસ્ટર વોર

નોબેલ પારીતોષિક વિજેતા અમર્ત્યસેનના જયશ્રી રામના નારા બાબતે આપેલા નિવેદનના કોલકત્તામાં પોસ્ટરવોર શરૂ થઈ ગયું છે. બંગાળી સંસ્કૃતિ સાથે તે જોડાયેલો ન હોવાની વાત કહેતા વિવાદ શરૂ થયો હતો.

### લક્ષ્મણઝુલા પુલ બંધ કરાયો

યાત્રાધામ ઋષિકેશમાં ગંગા નદી પર આવેલા વિખ્યાત સસ્પેન્શન બ્રિજ લક્ષ્મણઝુલાને પ્રવાસીઓ માટે બંધ કરવામાં આવ્યો છે. પુલની અત્યંત નબળી સ્થિતિના કારણે તે બંધ કરાયો છે.

## લાલુપ્રસાદ યાદવના જામીન મંજુર : હજુ જેલમાં રહેવું પડશે

રાંચી, તા. ૧૨

રાષ્ટ્રીય જનતા દળ અથવા તો આરજેડીના અધ્યક્ષ અને બિહારના પૂર્વ મુખ્યમંત્રી લાલૂ પ્રસાદ યાદવને ઘાસચારા કૌભાંડના એક મામલામાં રાંચી હાઈકોર્ટ તરફથી જામીન મળી ગયા છે પરંતુ હાલમાં તેમને જેલમાં જ રહેવાની જરૂર રહેશે. લાલૂ યાદવે દેવઘર તિજોરી મામલામાં હાઈકોર્ટ તરફથી રાહત મળી ગઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

GET Desired Band or 100% Fees Back*
SPOKEN ENGLISH & IELTS
ની નવી બેચ શરુ થઇ ગયેલ છે
Register NOW!
• અનુભવી ફેકલ્ટી • AC ક્લાસ રૂમ
• અનુકુળ સમય • AC લાયબ્રેરી ફેસીલીટી
R K ACADEMY OF EXCELLENCE PVT. LTD. ENRICH ~ ENABLE ~ EVOLVE
IELTS STUDENT VISA
72 708 72 708

આવતા રવિવારે ભવ્ય પુસ્તક મેળો
વિદ્યા લાયબ્રેરી ૩૦માં વર્ષ મંગલ પ્રવેશ નિમિત્તે યોજે છે.
ત્રેવીસમો ભવ્ય પુસ્તક મેળો
તા.૧૪, ૧૫ જૂલાઈ રવિ-સોમ, ૯ થી ૫
ધોરણ ૫ થી ૧૨ ના
"કોઈપણ પુસ્તક માત્ર રૂપિયા ૧૦/-માં"
જેમાં આપને મળશે - જુના અને નહીવત ડીફેક્ટીવ પુસ્તકો, પાઠ્યપુસ્તકો, ગાઈડો, અપેક્ષીતો, પેપરસેટ, પ્રેક્ટીસવર્ક તથા પરીક્ષાલક્ષી સંપૂર્ણ મટીરીયલ્સ
ભવ્ય ઓફર ડીક્ષનરી : OXFORD - GALA ભવ્ય ડિસ્કાઉન્ટ
ચોપડા : સ્પે. ચોપડા માત્ર ₹ 10/- 1 ડઝનના ₹ 120, 150, 180 થી વધુ
કાગળ : 1 પેકેટ ₹ 40, 50 | પૂરવણી (50 નંગ) ₹ 100 / ₹ 150
અડધી કિંમતે G.P.S.C. ધાર્મિક, વ્રત કથાઓ, મહેંદી, બાળવાર્તા, જનરલ નોલેજ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના પુસ્તકો
₹50/- પેનબોક્સ (નંગ-૨૦) Diploma ₹ 20 ડિગ્રી ₹ 50 LL.B. સજેશન ₹ 20
તા. ૧૪, ૧૫ જૂલાઈ ૨૦૧૯ રવિ-સોમ સમય સવારે : ૯ થી સાંજે ૫
વિદ્યા લાયબ્રેરી
વિદ્યા શોપીંગ સેન્ટર, સેક્ટર-૧૬, ગાંધીનગર.
ફોન : 079- -232 29575 (M) 98250 18575, 98795 29575
ખાસ નોંધ : મેળામાં કોઈએ બેગ, થેલા, સાધન સાથે લાવવા નહિ, તેની જવાબદારી અમારી રહેશે નહિ.

કચ્છની પ્રખ્યાત ખારેક
ખેડૂતો દ્વારા સીધુ વેચાણ
કૃષિભવન, સેક્ટર-૧૦, પાછળના ગેટે, ગાંધીનગર




fabindia CELEBRATE INDIA
NOW AT INFOCITY GANDHINAGAR
Unit No A-103, 1st Floor, Infocity, Gandhinagar
fabindia.com